

# લગ્નગીત ગુજરાતી

# pdf 2024

# કંકુ છાંટી કંકોતરી મોકલો

કંકુ છાંટી કંકોતરી મોકલો
એમાં લખજો અમીબેનનાં નામ રે લગન આવ્યાં ઢૂંકડાં

બેનના દાદા આવ્યા ને દાદી આવશે
બેનના માતાનો હરખ ન માય રે લગન આવ્યાં ઢૂંકડાં

બેનના કાકા આવ્યા ને કાકી આવશે
બેનના ફૈબાનો હરખ ન માય રે લગન આવ્યાં ઢૂંકડાં

બેનના મામા આવ્યા ને મામી આવશે
બેનના માસીબાનો હરખ ન માય રે લગન આવ્યાં ઢૂંકડાં

બેનના વીરા આવ્યા ને ભાભી આવશે
બેનની બેનીનો હરખ ન માય રે લગન આવ્યાં ઢૂંકડાં



# પરથમ ગણેશ બેસાડો રે
# મારા ગણેશ દુંદાળા



પરથમ ગણેશ બેસાડો રે મારા ગણેશ દુંદાળા
ગણેશ દુંદાળા ને મોટી ફાંદાળા
ગણેશજી વરદાન દેજો રે મારા ગણેશ દુંદાળા

કૃષ્ણની જાને રૂડાં ઘોડલા શણગારો
ઘોડલે પિત્તળિયાં પલાણ રે મારા ગણેશ દુંદાળા
કૃષ્ણની જાને રૂડાં હાથીડા શણગારો
હાથીડે લાલ અંબાડી રે મારા ગણેશ દુંદાળા

કૃષ્ણની જાને રૂડાં જાનીડાં શણગારો
જાનડી લાલ ગુલાલ રે મારા ગણેશ દુંદાળા
કૃષ્ણની જાને રૂડાં ધોરીડાં શણગારો
ધોરીડે બબ્બે રાશું રે મારા ગણેશ દુંદાળા

કૃષ્ણની જાને રૂડી વેલડિયું શણગારો
વેલડિયે દશ આંટા રે મારા ગણેશ દુંદાળા
વાવલિયા વાવ્યાં ને મેહુલા ઘડૂક્યાં
રણ રે વગડામાં રથ થંભ્યા રે મારા ગણેશ દુંદાળા

તૂટ્યાં તળાવ ને તૂટી પીંજણિયું
ધોરીડે તૂટી બેવડ રાશું રે મારા ગણેશ દુંદાળા
ઊઠો ગણેશ ને ઊઠો પરમેશ્વર
તમે આવ્યે રંગ રે'શે રે મારા ગણેશ દુંદાળા

અમે રે દુંદાળા ને અમે રે ફાંદાળા
અમ આવ્યે તમે લાજો રે મારા ગણેશ દુંદાળા
અમારે જોશે સવા મણનો રે લાડુ
અમે આવ્યે વેવાઈ ભડકે રે મારા ગણેશ દુંદાળા

વીવા, અઘરણી ને જગવને જનોઈ
પરથમ ગણેશ બેસાડું રે મારા ગણેશ દુંદાળા

gujaratsahay.com



# આજ વગડાવો વગડાવો
# રૂડાં શરણાયું ને ઢોલ



આજ વગડાવો વગડાવો રૂડાં શરણાયું ને ઢોલ
હે શરણાયું ને ઢોલ નગારા, શરણાયું ને ઢોલ.

આજ અજવાળી અજવાળી રૂડી રાતડી રે,
સખી, રઢિયાળી રઢિયાળી કહો વાતડી રે;
મને આંખડીમાં દીધાં ખુલ્લા જન્મોનાં કોડ,
વગડાવો વગડાવો રૂડાં શરણાયું ને ઢોલ... આજ

આજ નાચે રે ઉમંગ અંગ અંગમાં રે.
હું કે દી રંગાણી એના રંગમાં રે..
હું તો બંધાણી સખી એની નજર્યું ને દોર..
વગડાવો વગડાવો રૂડાં શરણાયું ને ઢોલ... આજ

gujaratsahay.com

# મોર તારી સોનાની ચાંચ

મોર તારી સોનાની ચાંચ... મોર તારી રૂપાની પાંખ
સોનાની ચાંચે રે મોરલો મોતી ચરવા જાય...
રૂપા કેરી પાંખે રે મોરલો મોતી વીણવા જાય...

મોર જાજે ઊગમણે દેશ... મોર જાજે આથમણે દેશ
વળતો જાજે વેવાયુંને માંડવે હો રાજ

વેવાઈ મારા સૂતો છે કે જાગ, વેવાઈ મારા સૂતો છે કે જાગ
મારા હોસીલા વરરાજે સીમડી ઘેરી માણારાજ
સીમડીએ કાંઈ ચમર ઢોળાવ (૨)
ચમરનો હોંશી વીરો મારો આવ્યો માણારાજ

વેવાઈ મારા સૂતો હોય તો જાગ, વેવાઈ મારા સૂતો હોય
તો જાગ
મારા હોસીલા વરરાજે ઝાંપલા ઘેર્યા માણારાજ
ઝાંપે કાંઈ છાંટણાં છંટાવ (૨)
ઠંડકુંનો હોશી વીરો મારો આવે માણારાજ

gujaratsahay.com

વેવાઈ મારા સૂતો હોય તો જાગ, વેવાઈ મારા સૂતો હોય તો જાગ
મારા હોસીલા વરરાજે શેરીયું ઘેરી માણારાજ
શેરીએ કાંઈ ફૂલડાં પથરાવ (૨)
સુગંધીનો હોંશી વીરો મારો આવે માણારાજ

વેવાઈ મારા સૂતો હોય તો જાગ, વેવાઈ મારા સૂતો હોય તો જાગ
મારા હોસીલા વરરાજે માંડવો ઘેર્યો માણારાજ
માંડવડે કાંઈ લાડકી પધરાવ (૨)
લાડકીનો હોંશી વીરો મારો આવે માણારાજ

gujaratsahay.com



# સીતાને તોરણ રામ પધાર્યાં



સીતાને તોરણ રામ પધાર્યાં, લેજે પનોતી પહેલું પોખણું
પોંખતાને વરની ભમર ફરકી, આંખલડી રતને જડી
રવાઈએ વર પોખો પનોતા, રવાઈએ ગોરી સોહામણા

સીતાને તોરણ રામ પધાર્યાં, લેજે પનોતી બીજું પોખણું
ધોસરિયે વર પોંખો પનોતા, ધોસરિયે ગોરી સોહામણા

સીતાને તોરણ રામ પધાર્યાં, લેજે પનોતી ત્રીજું પોખણું
ત્રાંકે વર પોંખો પનોતા, ત્રાંકે રેટિયાં સોહામણા

સીતાને તોરણ રામ પધાર્યાં, લેજે પનોતી ચોથું પોખણું
પિંડીએ વર પોખો પનોતા, પિંડીએ હાથ સોહામણા

gujaratsahay.com

# મારા નખના પરવાળા જેવી ચૂંદડી

મારા નખના પરવાળા જેવી ચૂંદડી
મારી ચૂંદડીનો રંગ રાતો હો લાડલી
ઓઢોને સાહેબજાદી ચૂંદડી

હું તો કેમ કરી ઓઢું રે સાયબા ચૂંદડી
મારા દાદાજી દેખે માતાજી દેખે
કેમ રે ઓઢું રે સોરંગ ચૂંદડી

તમારા દાદાના તેડ્યા અમે આવશું
તમારી માતાના મન મોહશે હો લાડલી
ઓઢોને લાડકવાયી ચૂંદડી

હું તો કેમ કરી ઓઢું રે સાયબા ચૂંદડી
મારા વીરોજી દેખે ભાભી દેખે
કેમ રે ઓઢું રે સોરંગ ચૂંદડી

તમારા વીરાના તેડ્યાં અમે આવશું
તમારી ભાભીના ગુણલાં ગાશું હો લાડલી
ઓઢોને સાહેબજાદી ચૂંદડી

gujaratsahay.com

# આંગણીયા સજાવો આજ તોરણ બંધાવો

આંગણીયા સજાવો આજ તોરણ બંધાવો (૨)
હૈ, જી... ઢોલીડા વગડાવો આજ
(ચોઘડિયા ગગડાવો)

ધીન ધીન વાગે ઢોલને શરણાઈ મીઠી વાગે
ચોકે બાંધ્યા ચંદરવાને રૂમઝૂમ ઝાંઝર વાગે
હે જી છાંટણીયા છટાવ્યા આજ તોરણ બંધાવો
(ચોઘડિયા ગગડાવો)

મહેકી ઉઠ્યો માંડવડો ને મંગળ ગીત ગવાય
એક મેકના મન મળે ને હૈયે સહુ હરખાય
હે.. જી ફૂલડેથી વધાવો આજ તોરણ બંધાવો
(ચોઘડિયા ગગડાવો)

gujaratsahay.com



# તને સાચવે સીતા સતી



તને સાચવે પારવતી અખંડ સૌભાગ્યવતી
તને સાચવે સીતા સતી અખંડ સૌભાગ્યવતી

માના ખોળા સમું આંગણું તે મૂક્યું
બાપના મન સમું બારણું તે મૂક્યું

તું તો પારકા ઘરની થતી અખંડ સૌભાગ્યવતી
તને સાચવે પારવતી અખંડ સૌભાગ્યવતી

ભગવાનને આજ ભળાવી દીધી
વિશ્વાસ કરીને વળાવી દીધી

તારો સાચો સગો છે પતિ અખંડ સૌભાગ્યવતી
તને સાચવે સીતા સતી અખંડ સૌભાગ્યવતી

ગુજરાત સહાય
gujaratsahay.com

# પહેલું પહેલું મંગળિયું વરતાય રે


પહેલું પહેલું મંગળિયું વરતાય રે
પહેલે મંગળ ગાયોનાં દાન દેવાય રે
અગ્નિદેવની સાક્ષીએ ફેરા ફરાય રે
બન્ને પક્ષે આનંદ અતિ ઊભરાય રે

બીજું બીજું મંગળિયું વરતાય રે
બીજે મંગળ રૂપાનાં દાન દેવાય રે
માંડવડામાં મંગળ ગીતો ગવાય રે
સૌને હૈયે અતિ હરખ ન માય રે


ત્રીજું ત્રીજું મંગળિયું વરતાય રે
ત્રીજે મંગળ સોનાનાં દાન દેવાય રે
અગ્નિદેવની સાક્ષીએ ફેરા ફરાય રે
બન્ને પક્ષે આનંદ અતિ ઊભરાય રે

ચોથું ચોથું મંગળિયું વરતાય રે
ચોથે મંગળ કન્યાનાં દાન દેવાય રે
ફૂલડાં કેરી ફોરમ બધે પ્રસારાય રે
શુભ દિન આજે શુકનનો કહેવાય રે

gujaratsahay.com



# દાદે તે હસીને બોલાવિયાં



એક તે રાજને દ્વારે રમંતા બેનીબા, દાદે તે હસીને બોલાવિયાં

કાં કાં રે દીકરી તમારી દેહ જ દુબળી, આંખલડી રે જળે તે ભરી
નથી નથી દાદા મારી દેહ જ દુબળી, નથી રે આંખલડી જળે ભરી

એક ઊંચો તે વર ના જોશો રે દાદા, ઊંચો તો નિત્ય નેવાં ભાંગશે
એક નીચો તે વર ના જોશો રે દાદા, નીચો તો નિત્ય ઠેબે આવશે

એક ધોળો તે વર ના જોશો રે દાદા, ધોળો તે આપ વખાણશે
એક કાળો તે વર ના જોશો રે દાદા, કાળો તે કુટુમ્બ લજાવશે

એક કેડે પાતળિયો ને મુખે રે શામળિયો
તે મારી સૈયરે વખાણિયો

એક પાણી ભરતી તે પાણીઆરીએ વખાણ્યો
ભલો તે વખાણ્યો મારી ભાભીએ

gujaratsahay.com

# અમ્મારી બેની ને તમે કાઈ ના કેજો

અમ્મારી બેની ને તમે કાઈ ના કેજો...
અમ્મારી બેની ને તમે કાઈ ના કેજો...

દોષ ના જોજો એને વેરના કેજો...
અમ્મારી બેની ને તમે કાઈ ના કેજો...

ચૂલાનો ભટિયારો એની સાસુ ને દેજો...
લડવા ચીની ના એની જેઠાણી ને દેજો...
અમ્મારી બેની ને તમે કાઈ ના કેજો...

પાણી નો બેડો એની દેરાણી ને દેજો...
અમ્મારી બેની ને તમે કાઈ ના કેજો...

હિંડોળા ની દોરી ઓલા **રમીલા** બેન ને દેજો...
તિજોરી ની ચાવી અમારા **આરતી** બેન ને દેજો...
ફેશન આવી.... ફેશન આવી . . . ફેશન કરવા દેજો...
અમ્મારી બેની ને તમે કાઈ ના કેજો...

આઠ વાગે ઉઠશે નવ વાગે ઉઠશે ચા બનાવી દેજો...
અમ્મારી બેની ને તમે કાઈ ના કેજો...

બરફી ખાશે પેંડા ખાશે પીઝા ખાવા દેજો...
અમ્મારી બેની ને તમે કાઈ ના કેજો...

ભાર વિનાનું ભણતર ભાઈ ભાર વિનાનું ભણતર...
એકડો આવડ્યો...બગડો આવડ્યો... તગડા નો પત્તો...નઈ નઈ નઈ નઈ...
એકડો આવડ્યો...બગડો આવડ્યો... તગડા નો પત્તો... નઈ નઈ નઈ નઈ...
અમ્મારી બેની ને તમે કાઈ ના કેજો...

gujaratsahay.com

# કોયલ બેઠી આંબલિયાની ડાળ

કોયલ બેઠી આંબલિયાની ડાળ, મોરલિયો બેઠો રે ગઢને કાંગરે

હોશીલા વીરા કોયલને ઉડાડો રે આપણે દેશ
કોડીલા વીરા કોયલને ઉડાડો રે આપણે દેશ

કોયલ માંગે કડલાંની જોડ, મોરલિયો માંગે રે લાડણ લાડલી
કોયલને ઉડાડી આપણે દેશ, મોરલિયો માંગે રે લાડણ લાડલી

કોયલ માંગે ચૂડલાંની જોડ, મોરલિયો માંગે રે લાડણ લાડલી
કોયલ માંગે ઝૂમખાંની જોડ, મોરલિયો માંગે રે લાડણ લાડલી

કોયલ માંગે નથડીની જોડ, મોરલિયો માંગે રે લાડણ લાડલી
કોયલ માંગે હારલાંની જોડ, મોરલિયો માંગે રે લાડણ લાડલી



# લાલ મોટર આવી



લાલ મોટર આવી
મુંબઈથી ગજરા લાવી
મારા ભાભી સાસરીયે લીલાલહેર છે.

મોટરમાં ભર્યા ગોટા
જાનૈયા બધા મોટા
મારા ભાભી સાસરીયે લીલાલહેર છે.

મોટરમાં ભરી ખુરશી
જાનૈયા બધા મુનશી
મારા ભાભી સાસરીયે લીલાલહેર છે.

મોટરમાં ભર્યા રીંગણાં
જાનૈયા બધા ઠીંગણા
મારા ભાભી સાસરીયે લીલાલહેર છે.

મોટરમાં ભર્યા ગાભા
જાનૈયા બધા ભાભા
મારા ભાભી સાસરીયે લીલાલહેર છે.

gujaratsahay.com

# ગોર કરોને ઉકેલ ગોર લટપટિયા

ગોર કરોને ઉકેલ ગોર લટપટિયા
મારે છેટાંની છે જાન ગોર લટપટિયા
મારે થાય છે અહૂર ગોર લટપટિયા

ગોરને હાંડા જેવડું માથું ગોર લટપટિયા
ગોરને નળિયા જેવડું નાક ગોર લટપટિયા

ગોરને કોડાં જેવડી આંખ્યું ગોર લટપટિયા
ગોરને કોડિયાં જેવડા કાન ગોર લટપટિયા

ગોરને સૂપડાં જેવા હોઠ ગોર લટપટિયા
ગોરને ફળિયા જેવડી ફાંદ ગોર લટપટિયા

ગોર કરોને ઉકેલ ગોર લટપટિયા
મારે છેટાંની છે જાન ગોર લટપટિયા
મારે થાય છે અહૂર ગોર લટપટિયા

# વનરા તે વન માં મીંઢોળ ઝાઝા

વનરા તે વન માં મીંઢોળ ઝાઝા,
મીંઢોળ પરણે ને ઝાડવા બાળકુંવારા

હું તમને પુછુ મારા વીરા રે **વિપુલભાઈ**,
આવડા તે લાડ તમને કોણે લડાવિયા
દાદાજી ના તેડ્યા અમે શિમદેયરી આવિયા,
આવડા રે લાડ અમને દાદા એ લડાવિયા.

હું તમને પુછુ મારા વીરા **વિપુલભાઈ**,
આવડા તે લાડ તમને કોણે લડાવિયા
કાકાજી ના તેડ્યા અમે માંડવડે આવિયા,
આવડા રે લાડ અમને કાકા એ લડાવિયા.

હું તમને પુછુ મારા વીરા **વિપુલભાઈ**,
આવડા તે લાડ તમને કોણે લડાવિયા
મામાજી ના તેડ્યા અમે માયરા મા બેઠા,
આવડા રે લાડ અમને મામા એ લડાવિયા.

gujaratsahay.com

# ઓઢી નવરંગ ચૂંદડી પાયે ઝાંઝરનો ઝમકાર

ઓઢી નવરંગ ચૂંદડી, પાયે ઝાંઝરનો ઝમકાર
પાયે ઝાંઝરનો ઝમકાર
માયરામાં ચાલે મલપતા, મલપતા, મલપતા

ઓઢી નવરંગ ચૂંદડી, પાયે ઝાંઝરનો ઝમકાર
પાયે ઝાંઝરનો ઝમકાર
માયરામાં ચાલે મલપતા, મલપતા, મલપતા

બેનીએ સાડી પહેરી છે સવા લાખની
બેનીએ સેલું પહેર્યું છે સવા લાખનું
તો ય બહેનીને પાનેતરનો શોખ, પાનેતરનો શોખ
માયરામાં ચાલે મલપતી, મલપતી, મલપતી

ઓઢી નવરંગ ચૂંદડી, પાયે ઝાંઝરનો ઝમકાર
પાયે ઝાંઝરનો ઝમકાર
માયરામાં ચાલે મલપતા, મલપતા, મલપતા

બેનીએ પહોંચો પહેર્યો છે સવા લાખનો
બેનીએ બંગડી પહેરી છે સવા લાખની
તો ય બેનીને મીંઢળનો શોખ, બેનીને મીંઢળનો શોખ
માયરામાં ચાલે મલપતી, મલપતી, મલપતી

ઓઢી નવરંગ ચૂંદડી, પાયે ઝાંઝરનો ઝમકાર
પાયે ઝાંઝરનો ઝમકાર
માયરામાં ચાલે મલપતા, મલપતા, મલપતા

બેનીએ દામણી પહેરી છે સવા લાખની
બેનીએ દામણી પહેરી છે સવા લાખની
તો ય બેનીને મોડીયાનો શોખ, બેનીને મોડીયાનો શોખ
માયરામાં ચાલે મલપતી, મલપતી, મલપતી

ઓઢી નવરંગ ચૂંદડી, પાયે ઝાંઝરનો ઝમકાર
પાયે ઝાંઝરનો ઝમકાર
માયરામાં ચાલે મલપતા, મલપતા, મલપતા

બેનીએ નથડી પહેરી છે સવા લાખની
બેનીએ હારલો પહેર્યો છે સવા લાખનો
તો ય બેનીને વરમાળાનો શોખ, બેનીને વરમાળાનો શોખ
માયરામાં ચાલે મલપતી, મલપતી, મલપતી

ઓઢી નવરંગ ચૂંદડી, પાયે ઝાંઝરનો ઝમકાર
પાયે ઝાંઝરનો ઝમકાર
માયરામાં ચાલે મલપતા, મલપતા, મલપતા

gujaratsahay.com

# લાડો લાડી જમે રે કંસાર કંસાર કેવો ગળ્યો લાગે રે

લાડો લાડી જમે રે કંસાર, કંસાર કેવો ગળ્યો લાગે રે

લાડી મુખે લજ્જા કેરો ભાર, કંસાર કેવો ગળ્યો લાગે રે
વાતે વાતે હસે છે લગાર, કંસાર કેવો ગળ્યો લાગે રે

લાડી તો સતી સીતા નાર કે કંસાર કેવો ગળ્યો લાગે રે
લાડો રાજા રામનો અવતાર કે કંસાર કેવો ગળ્યો લાગે રે

વેવાયું તો વટના રે પાન કે કંસાર કેવો ગળ્યો લાગે રે
વેવાણુંને હરખ અપાર કે કંસાર કેવો ગળ્યો લાગે રે

લાડીની ભાભી ટળવળે કે કંસાર કેવો ગળ્યો લાગે રે
નણદી મુજને આંગલડી ચટાડ કંસાર કેવો ગળ્યો લાગે રે

ભાભી તું તો પરણી કે કુંવારી કંસાર ગળ્યો ગળ્યો લાગે રે
લાડો લાડી જમે રે કંસાર, કંસાર ગળ્યો ગળ્યો લાગે રે

# પરણ્યા એટલે પ્યારા લાડી ચાલો આપણા ઘેર રે

પરણ્યા એટલે પ્યારા લાડી ચાલો આપણા ઘેર રે
ઊભા રહો તો માંગુ મારા દાદા પાસે શીખ રે

હવે કેવી શીખ રે લાડી હવે કેવા બોલ રે
પરણ્યા એટલે પ્યારા લાડી ચાલો આપણા ઘેર રે
ઊભા રહો તો માંગુ મારી માડી પાસે શીખ રે

હવે કેવી શીખ રે લાડી હવે કેવા બોલ રે
પરણ્યા એટલે પ્યારા લાડી ચાલો આપણા ઘેર રે
ઊભા રહો તો માંગુ મારા વીરા પાસે શીખ રે

હવે કેવી શીખ રે લાડી હવે કેવા બોલ રે
પરણ્યા એટલે પ્યારા લાડી ચાલો આપણા ઘેર રે
ઢોલીડાં ધડૂક્યાં રે લાડી ચડી બેસો ગાડે રે

# આ દશ આ દશ પીપળો આ દશ દાદાનાં ખેતર

આ દશ આ દશ પીપળો, આ દશ દાદાનાં ખેતર
દાદા મનજીભાઇ વળામણે, દિકરી ડાહ્યા થઈને રહેજો

ભૂલજો અમ કેરી માયા, મનડાં વાળીને રહેજો
સસરાના લાંબા ઘૂંઘટા, સાસુને પાહોલે પડજો

જેઠ દેખીને ઝીણાં બોલજો, જેઠાણીના વાદ ન વદજો
નાનો દેરીડો લાડકો, એના તે હસવાં ખમજો

નાની નણંદ જાશે સાસરે, એનાં માથાં રે ગૂંથજો
માથાં ગૂંથીને સેંથાં પૂરજો, એને સાસરે વળાવજો

આ દશ આ દશ પીપળો, આ દશ દાદાનાં ખેતર
માતા વિજુબેન વળામણે, દિકરી ડાહ્યા થઈને રહેજો